



# મહાકાલ સેના દ્વારા પાલનપુર-કંડલા નેશનલ હાઇવ નંબર-૨૭ ચક્કાજામ

કાંકરેજ તાલુકાના થરામાં રાજપુત સમાજના શ્રી મહાકાલસેનાના તેમજ કરણીસેનાના યુવાનો દ્વારા સમગ્ર ભારત ભરતમાં ચર્ચાનો વિષય બની રહેલ પદ્માવતી ફિલ્મનો વિરોધનો સુપ્રીમ કોર્ટ દ્વારા ફિલ્મ ઉપર મુકવામાં આવેલ પ્રતિબંધનો ચુકાદો કોર્ટ દ્વારા ફિલ્મ ભારતના ગુજરાત, મહારાષ્ટ્ર, હરીયાણા, રાજસ્થાન વગેરે રાજ્યોમાં ફરીથી રજુ કરવાની મંજુરી મળતાની સાથે સમગ્ર ભારતમાં ઠેર-ઠેર રાજપુત સમાજમાં વિરોધ જોવા મળી રહ્યો. ત્યારે આજે કાંકરેજના થરામાં આવેલ નેશનલ હાઈવે નંબર-૨૭ ઉપર રાષ્ટ્રીય રાજપુત કરણી સેનાના તેમજ શ્રી મહાકાલ સેનાના યુવાનો દ્વારા આજ રોજ રસ્તો રોકી ટાયરો સળગાવી આગ લગાવી હાઈવે બ્લોક કરી દેવામાં આવ્યો હતો. હાઈવે બ્લોક કરાતા હાઈવે ઉપર સાધનોની ભારે ભીડ જોવા મળી હતી અને ટ્રાફીક જામ થતાં લોકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. થરા પોલીસે ઘટનાસ્થળે આવી થરા ફાયર ફાયટર દ્વારા આગ ઓલવી સમગ્ર મામલો થાળે પાડ્યો હતો. તેમ છતાં જો ફિલ્મ રજુ કરવામાં આવશે તો હજુ વધુ ઉગ્ર આંદોલન કરવાની યુવાનો દ્વારા ચિમકી ઉચ્ચારવામાં આવી હતી.

## બનાસકાંઠા જિલ્લાનો સૌથી મોટો રક્તદાન કેમ્પ સેનાના જવાનો માટે નડાબેટ સરહદ પર યોજાશે

એક હજાર એકસો ને અગિયાર બોટલનો મહા રક્તદાન કેમ્પ ભારત-પાકિસ્તાન સરહદ પર ૨૩ જાન્યુઆરી સુભાષચંદ્ર બોઝની જન્મ-જયંતીએ યોજાશે.

૨૩ જાન્યુવારી સુભાષચંદ્ર બોઝની જન્મ-જયંતિ નિમિતે દેશની સરહદની રક્ષાકરતા જવાનોના લાભાર્થે સંજીવની રક્તદાન કેમ્પનું આયોજન બનાસકાંઠા જીલ્લા યુવા-ભાજપ તથા અનેક સમાજ સેવી સંસ્થાઓ સાથે જોડાઈ આ રક્તદાન કેમ્પનું આયોજન કર્યુ છે.બનાસકાંઠા જીલ્લાના ઈતિહાસનો સૌથી મોટો કેમ્પ બીએસએફના જવાનોના લાભાર્થે યોજાશે.આ કેમ્પનું આયોજન દેશભક્તિના માહોલમાં ભારત-પાકિસ્તાન ની સરહદ ૦-પોઈન્ટ પર કરવામાં આવ્યું છે.

આ કેમ્પ યોજવાનો હેતુ બનાસકાંઠા જીલ્લાની પાકિસ્તાન બોર્ડર ને અડીને આવેલી નડાબેટ સરહદ પર દેશની સરહદની રક્ષા કરતા જવાનોને જયારે ઈમર્જન્સીમાં બ્લડની જરૂર પડે છે ત્યારે ખુબજ મુશ્કેલી ની પરિસ્થિતિ નિર્માણ પામે છે .બીએસએફ ના જવાનો મોટે ભાગે ગુજરાત બહારના હોવાના કારણે તેમના પરિવારથી સગા સબંધીઓથી દુર હોવાના કરને તેમની ચિંતા કરી થરાદ થી લઈ છેક અમદાવાદ સુધી ગમે ત્યારે ઈમરજન્સીમાં રક્તની જરૂર પડે ત્યારે વિધાઉટ રીપ્લેશમેન્ટ અને એ પણ કોઈજ ચાર્જ લીધા વગર એમને બ્લડ પૂરું પાડવામાં આવશે.

બનાસકાંઠા જીલ્લાના દરેક તાલુકાના તેમજ પુરા ગુજરાતમાંથી યુવાધન રક્તદાન કરવા આ કેમ્પમાં ઉમટી પડશે ૧૧૧૧ (એક હજાર એકસો અગિયાર) બ્લડ એકત્રિત કરવાના લક્ષાક સામે માત્ર બે જ દિવસમાંરજીસ્ટ્રેશન ૯૦૦ રક્ત દાતા સુધી પહોચી ગયું છે.રક્તદાતાઓએ નામ નોધાવવા માટે ફોન પર ૮૪૦૧૦૧૦૦૧૦ નંબર નામ નોધાવવા માટે નિયત કરવામ આવેલ છે .રક્ત દાતાઓ માટે આવવા જવા માટે બસોની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.આ રીતે દેશભક્તિ ના માહોલ વચ્ચેનડાબેટ ભારત-પાકિસ્તાન સરહદ પર બીએસએફ ના જવાનો માટે રક્તદાન કેમ્પ યોજાશે.




# જિલ્લા કલેક્ટર દ્વારા ભાજપની કમિટીઓ યથાવત રાખવા હુકમ, કોંગ્રેસમાં સોંપો

મહેસાણા નગરપાલિકામાં કોંગ્રેસની ખેચતાણના મામલે ભાજપ તરફી આજે જિલ્લા કલેકટરે નિર્ણય કર્યો છે જેમાં કોંગ્રેસની બહુમતી હોવા છતાં પણ કોંગ્રેસની કમિટી ઓં માં ભાજપ ના કોર્પોરેટર ચાર્જ સંભાળશે અને તે હુકમ કરતા કોંગ્રેસમાં સોપો પડ્યો છે તો કોંગ્રેસના જૂથ હવે નિયામક માં જશે અને ત્યાં પણ ન્યાય નહી મળે તો હાઈકોર્ટના પણ દ્વારા ખખડવા માં આવશે તેમ કોંગ્રેસના હોદેદારો એ જણાવ્યું હતું.

મહેસાણા નગરપાલિકામાં પાટીદાર અનામત ની અસર વર્તતા કોંગ્રેસે પોતાની સ્પષ્ટ બહુમતી ધરાવી હતી પરતું પાલિકા કોંગ્રેસ પ્રમુખ પર આ વિશ્વાસની દરખાસ્ત મુકવામાં આવી હતી જ્યારે નવા પ્રમુખમાં ભાજપે ટેકો આપીને કોંગ્રેસના ૧૦ બાગી નેતા સાથે પ્રમુખની રચના કરી હતી અને ૧૯ કમિટી આમ ભાજપે પોતાની સત્તા સંભાળી હતી. જેમાં ભાળી સમયે કોંગ્રેસના ૧૦ સભ્યો ફરીવાર કોંગ્રેસમાં ભળી ગયા હતા જેથી ભાજપના ચેરમેનને સુધારા સાથેની બહાલી મંજુર કરતા આખારે ભાજપે જિલા કલેકટરને લેખિતમાં ફરિયાદ કરીને તે ઠરાવ ગેરવ્યાજબી હોવાનું કહીને રદ કરવા કેશ દાખલ કર્યો હતો જેમાં કોંગ્રેસની સ્પષ્ટ બહુમતી હોવાથી અને કમિટીની રચના ૩૬૫ દિવસમાં બદલી શકાતી ન હોવાનો હુકમ કરતા ભાજપમાં ઘી કેળા થયા છે તો કોંગ્રેસમાં સોપો પડ્યો છે. તેમ કૌશિકભાઈ વ્યાસ કારોબારી ચેરમેન ભાજપે જણાવ્યું હતું. મહેસાણા ન.પા.માં ભાજપ શાસિત કમીટીનો વિવાદનો મામલો બોર્ડમાં અને સમગ્ર શહેરમાં ચર્ચામાં હતો. જે મુદે ગત ૮ જાન્યુઆરીની સાધારણ સભાના ઠરાવો જિલ્લા કલેકટર એચ.કે. પટેલ દ્વારા રદ કર્યા છે. જે સભામાં ૧૫૩ નંબરના કામમાં કમિટી સુધારા સાથે મંજુર કોંગ્રેસે કરી હતી.

કલેક્ટર કચેરીમાં આ સમગ્ર મામલે ફરિયાદ દાખલ ભાજપે કરાવાઈ હતી અને ભાજપના નામે સભા બોલાવતા કમિટીઓમાં ફેરફાર કરતા ઠરાવો કોંગ્રેસે દ્વારા બહુમતીના જોરે કરાયા હતા. નગરપાલિકામાં કોંગ્રેસને કમિટીઓ વિવાદમાં મસ મોટો ઝટકો હાલમાં કલેકટરે આપ્યો છે. જિલ્લા કલેક્ટરે ભાજપની કમિટીઓ યથાવત રાખવા હુકમ કર્યો છે. જેને લઈને કોંગ્રેસે ભાજપ ન્યાય નહી મળે તે માટે અમે હાઈકોર્ટના દ્વારા ખટખટાવીશું તેમ પણ જણાવીને પોતાનો વિરોધ દર્શાવ્યો હતો અને કોંગ્રેસના સભ્યો હવે આ સમગ્ર મામલે નિયામક પાસે તેમ જણાવ્યું હતું. સાથે આવનારા બોર્ડમાં ફરીવાર અમો આ કમિટી અમે સુધારા કરીશું અને કોંગ્રેસની સત્તા યથાવત રાખીશું તેમ ઘનશામભાઈ સોલંકી કોંગ્રેસ કોર્પોરેટરે જણાવ્યું હતું. એક તરફ કોંગ્રેસનો કકળાટ હવે શાંત થયો છે અને હવે ભાજપે એ કકડાટનો કાયદાની રૂએ સત્તા લીધી છે જે જોતા આગામી સમયમાં મહેસાણા નગરપાલિકામાં વધુ રંગ આવશે અને રાજકારણ ગારમાય તો નવાઈ નહી.

## મોડાસા સહયોગ ચોકડી નજીક ફલેટમાં ધોળે દહાડે તસ્કરોનો હાથફેરો

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના



મુખ્યમથક મોડાસા શહેરમાં ચોર લૂંટારાઓ અને ધાડપાડુઓની હિંમત હિમાલયા પર્વતની શિખરો સર કરતી હોય તેમ દિવસે પણ પોલીસ તંત્રનો કોઈ ખોફ ના હોય તેમ બેફામ બનતા દિવસે પણ લૂંટની ઘટનાઓ ઠેર ઠેર બની રહી છે. નગરજનોમાં દિવસે ઘર કે ફલેટ એક બે કલાક માટે પણ બંધ કરી કામકાજ અર્થે જવું ભારે પડી શકે અને તસ્કરો આ સમય દરમિયાન જ ચોરીની ઘટનાને અંજામ અપાતા હોય શહેરીજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. મોડાસાની સહયોગ ચોકડી નજીક આવેલા માધવ ફલેટમાં ભરબપોરે એક ફલેટમાં હાથફેરાની ઘટના બનતા ફ્લેટ સહીત આજુબાજુના લોકોમાં પોલીસતંત્રની નિષ્ફળ કામગીરી સામે ઉગ્ર રોષ ફેલાયો હતો. મોડાસા ટાઉન પોલીસે ફરિયાદ લેવાનું ટાળતા લૂંટની ભોગ બનેલા ફ્લેટ માલિકે આ અંગે જિલ્લા પોલીસવડાને રજુઆત કરવા કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી સહયોગ બાયપાસ ચોકડી નજીક સંગીની બંગ્લોઝની બાજુમાંઆવેલા માધવ ફ્લેટના ૩૦૨ નંબરના ફ્લેટમાં રહેતા બાબુભાઇ લાલજીભાઈ પર શુક્રવારે બપોરના ૨ વાગ્યાના સુમારે કામકાજ અર્થેપરિવાર સહીત બહાર જતા તસ્કરોએ ધોળે દહાડે ફ્લેટ પર ત્રાટકી મુખ્ય દરવાજા લાગેલા તાળાનો નકુચો કાપી ફ્લેટમાં ઘુસી કબાટ અને તિજોરી સહીત અન્ય જગ્યાઓ ફંફોસી તિજોરીમાં રહેલી સોનાની બુટ્ટી અને ૩ હજાર રોકડ રકમ સહીત ૧૫ હજાર રૂપિયાના મુદ્દામાલની લૂંટ ચલાવી આરામથી ફરાર થઈ ગયા હતા. સાંજે ૬ વાગ્યાના સુમારે ફ્લેટ ધારક ફ્લેટ પર પરત ફરતા અને ઘરનો નકુચો તોડેલો જોતા અને ફ્લેટમાં તિજોરી અને કબાટમાં રહેલો માલસામાન વેરવિખેર કરી તિજોરીમાંથી લૂંટ ચલાવામાં આવી હોવાનું જાણ થતા આજુબાજુમાંથી પણ લોકો દોડી આવ્યા હતા અને ભર બપોરે ચોરી થતા ફ્લેટ માલિક સહીત લોકો ફફડી ઉઠ્યા હતા અને લૂંટારુ ગેંગની હિંમત અને મોડાસા ટાઉનપોલીસ તંત્રની નિષ્ફળ કામગીરીથી લોકોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો.

## મોડાસાના ટીંટોઈમાં ચોકીદારને માર મારી લાખોના દાગીના-રોકડની ચોરી

મોડાસા, તા. ૨૦

મોડાસાના ટીંટોઈમાં ચોકીદારને માર મારીને ચોરી કરવામાં આવી હતી. શુક્રવારે રાત્રીના સુમારે બે બંધ મકાનમાં પ્રવેશ કરી દાગીના તથા રોકડ રકમની ચોરી થયાની ઘટના બનતા ગામલોકોમાં ભારે ફફડાટ



ફેલાયો હતો. બંને મકાનમાં રહેતા પરિવારો મુંબઇ ખાતે સંબંધીના લગ્ન પ્રસંગમાં હાજરી આપવા ગયા હોવાથી કેટલા રૂપિયાની લૂંટની ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. બંને મકાનમાલિકો મુંબઈથી પરત ફરે ત્યારે જ ખબર પડશેનું ગામ લોકોએ જણાવ્યું હતું.

તસ્કરોએ ઘરની ચોકી કરતા આધેડને માર મારી ઘરની અંદર પ્રવેશ કર્યો હતો તેવુ ભોગ બનનાર ચોકીદારે જણાવ્યુ હતુ. મોડાસા રૂરલ પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. હાલ આ ઘટનામાં લાખોની મત્તાની ચોરીની આશંકા જતાવાઈ રહી છે.

## થરાદ પંથકમાં પુલ બનાવવાના કામમાં ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર

થરાદ, તા. ૨૦

થરાદના મોટીપાવડથી લીંબાઉ ગામને જોડતા રોડ પર એક વર્ષ પહેલાં બનાવેલા પુલ એકજ મહિનામાં તૂટી ગયો હોવા છતાં હજી સુધી કોઈ પણ રીપેર કામ ન થતાં વાહન ચાલકોને પરેશાની ભોગવવી પડે છે.



થરાદ પંથક માં થોડા સમય પહેલાં તૂટેલા રોડોનું રીપેર કામ કરવામાં આવ્યું હતું અને જરૂરિયાત જેવી જગ્યાઓ ઉપર પુલ બનાવવામાં આવ્યા હતા. આ પુલોના કામ કોન્ટ્રાક્ટરોને આપવામાં આવ્યા હતા. જ્યારે થરાદ તાલુકાના મોટીપાવડથી લીંબાઉ ગામને જોડતા રોડ ઉપર આશરે ૭૦ ફૂટ જેટલી લંબાઈમાં બનાવવામાં આવેલા આ પુલના કામમાં ખુલે આમ ભ્રષ્ટાચાર થયો હતો.

આ પુલ બનાવ્યાને એક મહિનો થયો હતો ને પુલને તિરાડો પડી ગઈ હતી અને પુલ નમી ગયો હતો. આ પુલને બાજુમાં પાકું આર.સી.સી. બાંધકામ કરવાને બદલે રેતીથી પુલને ટેકો આપ્યો હતો અને તિરાડો પર સિમેન્ટ લગાડ્યો હતો. જેથી પુલને તિરાડો કોઈની નજરમાં ના આવે તો પુલ બન્યાના ૭ મહિના બાદ પુલ દબાઈ ગયો. આ પુલ દેખતા નજર આવી રહ્યો છે ખુલેઆમ ભ્રષ્ટાચાર આ પુલ દબાયેલી હાલતમાં હોવાથી કેટલાય બાઈક ચાલકો અહીં પડી પણ ગયા છે. અહીં ક્યારેક કોઈક વાહન પુલની અંદરજ રહી શકે તેવી હાલત સરકારની નજર સામે હોવા છતાં તંત્ર ભર નીંદરમાં છે.

## ભિલોડા પોલીસ સ્ટેશન સામેથી વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા-ઈડર ધોરીમાર્ગ ઉપર આવેલ પોલીસ સ્ટેશન સામેથી વિદેશી દારૂ પોલીસએ બાતમીના આધારે ઝડપી લીધો હતો.રૂા.૧,૧૯,૦૦૦/-નો વિદેશી દારૂ સહિત કુલ મુદ્દામાલ રૂા.૫,૧૯,૦૦૦/-નો મુદ્દામાલ પોલીસએ કબજે લઈ પ્રોહીબીશન ઍક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ.આર. સંગાડા, વિઠ્ઠલભાઈ, નાનજીભાઈ, ઈન્દુબેન, મુકેશભાઈના જણાવ્યા મુજબ પરપ્રાંતિય વિદેશી દારૂનો જથ્થો જીપ નંબર.જી.જે.૧૫. સી.ડી.૧૮૯૭ માં ભરી પુરપાટ ઝડપે પોલીસ સ્ટેશન આગળથી પસાર થઈ રહેલ જીપ ચાલકને પોલીસએ વોચ ગોઠવી ઝડપી લીધો હતો ત્યારે પાસ પરમીટ વગરનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો રૂા.૧,૧૯,૦૦૦/- ઝડપાયો હતો.

## બામણા ત્રણ રસ્તા પાસેથી ૧.૪૦ લાખનો વિદેશી દારૂ પકડાયો

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગર તાલુકાના ગાંભોઈથી ભિલોડા જતા વચ્ચે આવેલ બામણા ત્રણ રસ્તા પાસેથી પોલીસે બાતમીને આધારે ગુરૂવારે રૂ. ૧.૪૦ લાખનો વિદેશી દારૂ ભરી જતી કારને ફિલ્મી ઢબે ઝડપી લીધી હતી અને એક ઈસમ વિરૂદ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હતી.

ગાંભોઈ પોલીસને એવી બાતમી મળી હતી કે ભિલોડાથી ગાંભોઈ ગાંભોઈ વચ્ચેના રસ્તે થઈને એક વાહનમાં વિદેશી દારૂનો પાસ પરમીટ વિનાનો જથ્થો ગુજરાતમાં લવાઈ રહ્યો છે. જે આધારે પોલીસે બામણા ત્રણ રસ્તા પાસેથી પસાર થતા વાહનોનું ચેકીંગ હાથ ધર્યું હતું. દરમ્યાન અહિંથી પસાર થતી કાર નં. આરજે.૨૭.ટીએ. ૨૫૯૩ને પોલીસે ઉભી રાખવા માટે ઈશારો કર્યો હતો. પરંતુ કારનો ચાલક પોલીસનુ વાહન જોઈને ભાગવા જતો હતો. પરંતુ પોલીસે ફિલ્મી ઢબે કારનો પીછો કરી ઝડપી લીધી હતી. ત્યારબાદ કારની ઝડતી લેતા તેમાંથી પાસ પરમીટ વિનાની અંદાજે રૂ. ૧,૪૦,૮૦૦નો ૩૫૨ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેથી પોલીસે કાર લઈને જઈ રહેલા અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં આવેલ બંગલા એરીયામાં રહેતા હાર્દિક ચંદ્રકાંત પંડ્યાને પકડી લઈ રૂ. ૨.૪૦ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે લઈ તેની વિરૂદ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હતી.